| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJBK170000242023** | सत्यमेव जयते | દાખલ તા.: | ૧૩ | ૦૨ | ૨૦૨૩ |
| | | રજીસ્ટ્રેશન તા. | ૧૩ | ૦૨ | ૨૦૨૩ |
| | | ફેસલ તા.: | ૦૫ | ૦૫ | ૨૦૨૬ |
| | | અવધિ | દિન ૨૦ | માસ ૦૨ | વર્ષ ૦૩ |

---

**મહે. શ્રી જી.એસ.પવાર સાહેબ, શ્રી પ્રમુખ અધીકારી અને ન્યાયધીશ,**
**શ્રમ અદાલત, મુ. પાલનપુર, જી. બનાસકાંઠા.**

---

**રેફરન્સ ટી.એલ.સી. નં. ૦૪/ ૨૦૨૩**

**આંકઃ-.....**

**બીજા પક્ષકાર :- સીકરવાર ઘનશ્યામભાઈ ભવાનીસિંહ**

મુ. ભાટવાસ, દશામાના મંદિર ની પાસે, અંબાજી,
તા. દાંતા, જી. બનાસકાંઠા.

**વિરૂદધ**

**પ્રથમ પક્ષકાર :- વહીવટકર્તા શ્રી,**

પ્રાણજીવણદાસ વજેરામ રૂવાલા,
સુરતવાળી ઘર્મશાળા નં.૧,
માતાજીના મંદિરની સામે, મુ. અંબાજી,
તા. દાંતા, જી. બનાસકાંઠા.

| | |
|---|---|
| **રેફરેન્સ :-** | ક. ૧૦(૧), ઔદ્યોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ મુજબ. |
| **પ્રતિનિધિત્વ :-** | |
| બીજા પક્ષકાર તરફે - | પ્રતિનિધિ શ્રી એસ. એસ. દેસાઈ. |
| પ્રથમ પક્ષકાર તરફે - | વિ. વ. શ્રી ટી. એમ. જોષી. |

**-:: હુકમ ::-**

**(૧) રેફરન્સની ચર્ચા :-**

**(૧.૧)** બીજા પક્ષકાર એટલે કે કામદાર ને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે મૌખીક હુકમથી નોકરી માંથી છુટા કરવામાં આવેલ અને તેથી કામદાર દ્વારા મદદનીશ શ્રમ

આયુકત, પાલનપુર સમક્ષ વીવાદ ઉપસ્થિત કરવામાં આવેલ. તે વિવાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ શકેલ નહિં, જેથી મદદનીશ શ્રમ આયુકત, પાલનપુર ધ્વારા ક. ૧૦(૧), ઔધોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અન્વયે તા. ૩૦/૧૨/૨૦૨૨ ના રોજ હુકમ કરી પક્ષકારો વચ્ચેના વીવાદને ઔધોગીક વીવાદ તરીકે ગણી તેના ન્યાય-નિર્ણય કરવા અર્થે અનુસુચી અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે.

સરળતા ખાતર, હવેથી બીજા પક્ષકાર ને "અરજદાર / કામદાર" તરીકે અને પ્રથમ પક્ષકાર ને "સામાવાળા / સંસ્થા" તરીકે સંબોધન કરવામાં આવેલ છે.

(૧.૨) રેફરેન્સમાં જે અનુસુચીનો ન્યાય નિર્ણય કરવાનો છે, તે એ મુજબ છે કે ''શ્રમયોગી શ્રી સીકરવાર ઘનશ્યામભાઈ ભવાનીસિંહ, મુ. ભાટવાસ, દશામાના મંદિર ની પાસે, અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠા ને પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ?''

(૨) સબબ રેફરન્સ, અનુસુચિમાં જણાવેલ ઔધોગીક તકરારના ન્યાયી નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવતાં, પક્ષકારોને હાજર રહેવા માટે નોટીસ કરવામાં આવેલ અને તે નોટીસની બજવણી થતા, અરજદાર તેમના પ્રતિનિધી શ્રી અને સામાવાળા તેમના વિ. વ. શ્રી સાથે હાજર થયેલ.

**(૩) માંગણા નીવેદનની હકીકતો :-**

(૩.૧) અરજદાર ધ્વારા આંક-૫ થી માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ છે અને તેમાં અરજદાર ધ્વારા જણાવેલી હકિકતો મુજબ સામાવાળી સંસ્થા ધ્વારા તા. ૧૬/૦૯/૧૯૮૫ ના રોજ ઠરાવ કરી અરજદાર ને રૂ. ૫૫૦/- ના પગાર પર મેનેજર તરીકે નોકરી પર રાખવા બાબત નો ઠરાવ કરેલો હતો. સંસ્થા ધ્વારા અરજદાર ને હાજરી કાર્ડ કે પગાર ચીઠ્ઠી આપતા હતા પરંતુ અરજદાર નોકરી પર ચઢતા અને ઉતરતા ડ્યુટી રજીસ્ટ્રર માં સહી કરતા હતા. અરજદાર ને અઠવાડીક

રજા, ઓવર ટાઈમ બોનસ કે પછી અન્ય પ્રકારના બોનસ ચુકવવામાં આવતા ન હતા.

(૩.૨) અરજદાર ધ્વારા નોકરી ના પ્રત્યેક વર્ષમાં ર૪૦ થી વધુ દિવસોની નોકરી કરવામાં આવેલ હતી તેમજ તે નોકરી દરમ્યાન સંસ્થાએ અરજદાર ને કયારેય પણમેમો, ઠપકો કે ચેતવણી આપેલ ના હોય તેમ છતાં સંસ્થા ધ્વારા તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ અરજદાર ને મૌખિક હુકમ થી છુટા કરેલ છે. સંસ્થા ધ્વારા અરજદાર ને છુટા કર્યા અગાઉ અરજદાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરેલ નથી અથવા અરજદાર ને તેમનો બચાવ કરવાની તક આપેલ નથી અથવા અરજદાર ને નોટીસ અથવા નોટીસ પગાર અથવા છંટણી વળતર પણ આપવામાં આવેલ નથી અને તેથી સંસ્થા ધ્વારા અરજદાર ને છુટ્ટા કર્યાનો મૌખિક હુકમ ક. ૨૫(એફ) (જી) (એચ) ઔધ્ધોગિક તકરાર અધિનિયમ વિરૂધ્ધ નું છે.

(૩.3) અરજદાર જે જગ્યા પર કામ કરતા હતા અને જે કામગીરી કરતા હતા તે બંને કાયમી હોવા છતાં સંસ્થાએ અરજદારના ગુના વગર કે કારણ વગર અરજદાર ને છુટ્ટા કરી નાંખેલ છે અને તે જગ્યા પર અન્ય માણસ ને રાખી લીધેલ છે. તકરાર ઉભી કરતા પહેલા અરજદાર ધ્વારા સંસ્થાને તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજ ડીમાન્ડ નોટીસ પણ મોકલી આપેલ છે. પરંતુ સંસ્થા ધ્વારા તેનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. તેથી સદર ઔધ્ધોગિક તકરાર ઉભી કરવામાં આવેલ છે.

(૩.૪) માંગણા નીવેદન મુજબ, અરજદાર ધ્વારા નીચે મુજબની દાદ માંગવામાં આવેલ છે–

(૩.૪.૧) તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ અરજદારને છુટો કરતો હુકમ ગેરકાયદેસર , ગેર વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ નો હોવાનુ ઠરાવી આપતો હુકમ કરવા :

(૩.૪.૨) તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ અરજદારને છુટા કર્યાના હુકમ વાળા દિવસ થી અરજદારને સળંગ નોકરી ના લાભ સાથે અને પડેલા

દિવસોના પગાર સાથે સંસ્થા અરજદારને તેમની મુળ જગ્યા પર નોકરી માં પુન: સ્થાપિત કરી આપે તેવો હુકમ કરવા :

(૩.૪.૩) કોર્ટ ને યોગ્ય લાગે તેવી અન્ય કોઈ દાદ અપાવા :

(૩.૪.૪) રેફરેન્સ નું તમામ ખર્ચ સામાવાળા અરજદાર ને ચુકવી આપે તેવો હુકમ કરવા.

**(૪) જવાબની હકીકતો :–**

(૪.૧) સંસ્થા તરફે આંક–૧૫ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા માંગણા નિવેદનમાં જણાવેલી તમામ હકિકતો સામાવાળા ધ્વારા નકારવામાં આવેલ છે. તે ઉપરાંત સંસ્થા તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે સંસ્થા ''ઈન્ડસ્ટ્રી'' નથી અને તે કારણ થી રેફરેન્સ ને ઔધોગિક તકરાર અધિનિયમ લાગુ પડતો નથી જેના કારણે રેફરેન્સ પણ ટકવાપાત્ર નથી.

(૪.૨) સને–૨૦૨૦ પછી થી અરજદાર ધ્વારા સંસ્થામાં નિયમિત નોકરી કરવામાં આવતી ન હતી જેના કારણે સંસ્થા ધ્વારા અરજદારને અનેકવાર ટકોર પણ કરવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા તે ધ્યાને લેવામાં આવેલ નહી અને અરજદાર અન્ય જગ્યાએ કામગીરી પણ કરતા હતા અને અંતે નવેમ્બર, ૨૦૨૧ ના રોજ અરજદાર ધ્વારા સંસ્થા માંથી સ્વૈચ્છાએ નોકરી છોડીને જતા રહેલ છે, પરંતુ સંસ્થા ધ્વારા તેઓને છુટા કરવામાં આવેલ નથી.

(૪.3) અરજદાર નોકરી દરમ્યાન કયારેય તેમની ફરજ બજાવતા ન હતા અને ધર્મશાળા ખુલ્લી હોવા છતાં તથા તેમાં રૂમો ખાલી હોવા છતાં અરજદાર યાત્રીકોને રૂમ ભાડે આપતા ન હતા. અરજદાર ની કામગીરી માં અનેક ભુલો હતી અને અવ્યવસ્થિત હતી પરંતુ અજરદાર સંસ્થાના જુના નોકર હતા તેથી સંસ્થાએ તેઓની ભુલો દર ગુજર કરેલ હતી તેમ છતાં

અરજદાર સ્વૈચ્છાએ નોકરી છોડીને જતા રહેલ છે અને તેથી રેફરેન્સ ના મંજુર કરવા અરજ કરેલ છે.

### (૫) બીજા પક્ષકાર તરફે પુરાવા :–

#### (૫.૧) મૌખીક પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર – સિકરવાર ઘનશ્યામભાઈ ભવાનીસિંહ નું સરતપાસનું પુરાવાનું સોગંદનામું. | ૨૩ |

#### (૫.૨) દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | તા. ૦૧/૦૩/૨૦૨૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા ધર્મશાળામાં આવતા યાત્રીક ને આપેલ ભાડા અંગેની પાવતી ની નકલ. | ૧૭/૧ |
| ૨. | તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજ શ્રમજીવી કામદાર સંઘ ગુજરાત રાજ્ય મારફતે પ્રથમ પક્ષકાર સંસ્થાને આપેલ નોટીસ. | ૨૨/૫ |

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા જુન, ૨૦૧૧ નું બીજા પક્ષકાર ને આપવામાં આવેલ પગાર વાઉચર ની નકલ. | ૩૩ |
| ૨. | પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા જુલાઈ, ૨૦૧૨ નું બીજા પક્ષકાર ને આપવામાં આવેલ પગાર વાઉચર ની નકલ. | ૩૪ |
| ૩. | પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા એપ્રિલ–૨૦૧૯ થી ડીસેમ્બર–૨૦૧૯ સુધીનું બીજા પક્ષકાર ને આપવામાં આવેલ પગાર વાઉચર ની નકલ. | ૩૫ |
| ૪. | પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા જાન્યુઆરી–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૦ સુધીનું બીજા પક્ષકાર ને આપવામાં આવેલ પગાર વાઉચર ની નકલ. | ૩૬ |

અરજદાર તરફે આંક–૨૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો બંધ કર્યાનું જાહેર કરવામાં આવેલું.

**(૬) પ્રથમ પક્ષકાર તરફે પુરાવા :–**

**(૬.૧) મૌખીક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સંસ્થા વતી – જરીવાલા ઈશ્વરભાઈ બાબુભાઈ નું સરતપાસનું પુરાવાનું સોગંદનામું. | ૨૯ |
| ૨. | સંસ્થા વતી – સ્વામી બિમલ ભુપેન્દ્રકુમાર નું સરતપાસનું પુરાવાનું સોગંદનામું. | ૪૦ |

**(૬.૨) દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | સને ૧૯૫૦ નો મુંબઈનો સાર્વજનીક ટ્રસ્ટો બાબતના અધિનિયમ હેઠળ નિભાવવામાં આવતા રજીસ્ટ્રર ની ઝેરોક્ષ નકલ. | ૧૬/૧ |
| ૨. | તા. ૦૧/૦૪/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધીના પ્રાણજીવન વજેરામ ધર્મશાળાના હિસાબ ની ઝેરોક્ષ નકલ. | ૧૬/૨ |

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર ને તેઓની નોકરી દરમ્યાન ચુકવેલ મહેનતાણા ના વાઉચરો ની નકલ. | ૩૨ |

સામાવાળા તરફે આંક–૪૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો બંધ કર્યાનું જાહેર કરવામાં આવેલું.

**(૭) પુરાવાનો ટુંકસાર :–**

**(૭.૧) બીજા પક્ષકારનો પુરાવો :–**

અરજદાર–સિકરવાર ધનશ્યામભાઈ ભવાનીસિંહ ધ્વારા આંક–૨૩ થી તેમના માંગણા નિવેદનના સમર્થનમાં સોગંદ ઉપર પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. પુરાવાના સોગંદનામા માં જણાવેલી તમામ હકિકતો, આંક–૫ થી રજુ માંગણા

નિવેદનમાં જણાવેલી હકિકતો થી સંલગ્ન હોય અને માંગણા નિવેદનની હકિકતો સંક્ષીપ્તમાં ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ હોય તેથી, હકિકતો નો પુન: વર્તન ટાળવાના હેતુથી પુરાવાના સોગંદનામા ની હકિકતો ની ફરીથી વિસ્તૃત ચર્ચા કરવામાં આવતી નથી.

સામાવાળા સંસ્થાના વિ. વ. શ્રી દ્વારા અરજદારની સોગંદ ઉપર ઉલટ તપાસ લેતા અરજદાર દ્વારા એ હકિકતો કબુલ કરવામાં આવેલ છે કે, જુબાની આપતા સમયે તેઓની ઉંમર ૫૩ વર્ષ છે, તેઓના પિતા હયાત હતા ત્યારે સંસ્થામાં મેનેજર તરીકે તેઓના પિતા ફરજ બજાવતા હતા, સંસ્થા દ્વારા જે ઠરાવ ના આધારે અરજદાર ને મેનેજર તરીકે નોકરી પર રાખેલ હતા તે ઠરાવ ની નકલ પુરાવા તરીકે રજુ કરેલ છે, સંસ્થાએ અરજદાર ને નિમણુંક અંગેનો હુકમ આપેલો નથી અને અરજદાર દ્વારા સંસ્થા પાસેથી નિમણુંક હુકમ ની માંગણી પણ કરવામાં આવેલ નથી, નોકરી દરમ્યાન અરજદાર દ્વારા સંસ્થા પાસેથી બોનસ–ઓવરટાઇમ–અઠવાડીક રજા અંગેની માંગણી કે અરજી કરેલી નથી.

અરજદારે એ હકીકત નકારેલ છે કે, તેઓના પિતાના અવસાન બાદ અરજદારના ભાઈ–ધર્મેન્દ્રભાઈ સિકરવાર દ્વારા સંસ્થામાં મેનેજર તરીકે નોકરી કરવામાં આવતી હતી, સને–૧૯૮૫ માં સંસ્થા દ્વારા ઠરાવ કરીને અરજદાર ને નોકરી પર રાખેલ ત્યારે અરજદાર સગીર હતા અને તેઓ દ્વારા સ્વૈચ્છાએ જણાવવામાં આવેલ કે તેઓ ૧૮ વર્ષના હતા, તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ સંસ્થા દ્વારા તેઓને છુટા કરવામાં આવેલ નથી પરંતુ અરજદાર સ્વૈચ્છાએ સંસ્થા માંથી નોકરી છોડીને સુરત મુકામે ધંધો કરવા જતા રહેલ છે અને અરજદાર ના કહેવાથી જ સંસ્થા દ્વારા અરજદાર ના ભાઈ–ધર્મેન્દ્ર ને નોકરી પર રાખેલ છે, અરજદાર સંસ્થામાં નોકરી કરતા હતા ત્યારે અનિયમિત હતા અને અંગત કાર્યો પણ કરતા હતા, તેઓ અંબાજી ખાતે અંગત કામગીરી કરી પૈસા કમાવે છે અને સ્વૈચ્છાએ જણાવેલ કે તેઓ બેરોજગાર છુ.

**(૭.૨) પ્રથમ પક્ષકારનો પુરાવો :–**

**(૭.૨.૧)** સંસ્થા વતી–ઈશ્વરભાઈ બાબુભાઈ જરીવાલા ધ્વારા આંક–૨૯ થી તેમના માંગણા નિવેદનના જવાબ ના સમર્થનમાં સોગંદ ઉપર પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. પુરાવાના સોગંદનામા માં જણાવેલી તમામ હકિકતો, આંક–૧૫ થી રજુ માંગણા નિવેદન ના જવાબમાં જણાવેલી હકિકતો થી સંલગ્ન હોય અને જવાબ ની હકિકતો સંક્ષીપ્તમાં ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ હોય તેથી, હકિકતો નો પુન: વર્તન ટાળવાના હેતુથી પુરાવાના સોગંદનામા ની હકિકતો ની ફરીથી વિસ્તૃત ચર્ચા કરવામાં આવતી નથી.

અરજદાર ના પ્રતિનિધી શ્રી ધ્વારા સામાવાળા ની સોગંદ ઉપર ઉલટ તપાસ લેતા સામાવાળા ધ્વારા એ હકિકતો <u>કબુલ</u> કરવામાં આવેલ છે કે, તેઓ ૨૦ થી ૨૫ વર્ષ થી સંસ્થાના ટ્રસ્ટી છે, ટ્રસ્ટના નામે કુલ–૩ સંસ્થાઓ ચાલે છે અને તે સંસ્થાઓમાં કોઈ પણ વ્યકિત ની નિમણુંક કરવા માટે ટ્રસ્ટ ની ઠરાવ બુકમાં ઠરાવ કરવાનું ફરજીયાત છે, ટ્રસ્ટ ની સંસ્થા નં. ૧ માં અરજદાર ની નિમણુંક કરવા માટે ઠરાવ બુકમાં ઠરાવ કરવામાં આવેલ હતો અને તે ઠરાવ રજુ કરવા માટે તૈયારી પણ બતાવવામાં આવેલ, તેઓ ૨૦ થી ૨૫ વર્ષ અગાઉ સંસ્થા સાથે જોડાયા ત્યારથી અરજદાર ને ટ્રસ્ટ ની સંસ્થા નં. ૧ માં કામ કરતા જોયેલ છે અને તેઓએ સ્વૈચ્છાએ જણાવેલ કે કોરોના મહામારી પછી અરજદાર કામ પર આવેલ નથી, અરજદારનો માસિક પગાર ટ્રસ્ટ ધ્વારા ચુકવવામાં આવતો હતો અને તેઓએ સ્વૈચ્છાએ જણાવેલ કે અરજદાર ના ભાઈ ટ્રસ્ટમાં નોકરી કરતા હોવાના કારણે અરજદાર ને ચુકવવા પાત્ર પગાર તેમના ભાઈને ચુકવી આપવામાં આવતો હતો, અરજદાર ટ્રસ્ટમાં કોઈ પોસ્ટ ઉપર ન હતા અને તેમના ભાઈ ધર્મેશ મેનેજર ની પોસ્ટ ઉપર હતા અને જયારે ધર્મેશ રજા ઉપર હોય ત્યારે તેઓની જગ્યાએ અરજદાર

કામગીરી કરતા હતા, અરજદાર ને સંસ્થા ધ્વારા પગાર ચુકવવામાં આવતો જ ન હતો, ટ્રસ્ટ ની સંસ્થા નં. ૧ ધ્વારા સંસ્થામાં કામ કરતા તમામ કામદારોનું હાજરી પત્રક નિભાવવામાં આવે છે અને પગાર વાઉચરોમાં જે તે કામદારોની સહી પણ લેવામાં આવે છે, સંસ્થા નં. ૧ માં અગાઉ અરજદાર ના પિતા ભવાનસિંહ સિકરવાર નોકરી કરતા હતા અને તેમના અવસાન બાદ તેમના પુત્ર સુરેશ ને નોકરી પર રાખવામાં આવેલ હતા પરંતુ સુરેશ નું મૃત્યુ થતા તેમના ભાઈ મહેશ ને નોકરી પર રાખવામાં આવેલ હતા, સંસ્થા નં. ૧ માંથી મહેશ નોકરી પર થી છુટા થયા બાદ સંસ્થા ધ્વારા અરજદાર ને નોકરી પર રાખવામાં આવેલ હતા, સંસ્થા ધ્વારા અરજદાર ને નોકરી પર પરત હાજર થવા કોઈ પત્ર વ્યવહાર કરેલ નથી અને સાહેદ ધ્વારા સ્વૈચ્છાએ જણાવવામાં આવેલ કે ટેલીફોનિક વાત થયેલ હતી, નિયમ મુજબ અજરદારે સંસ્થા માં ફરજ ના ભાગરૂપે મહિના ના દરેક દિવસે હાજર રહી કામગીરી કરવાની હોય છે, સંસ્થા ધ્વારા અરજદાર ને અઠવાડીક રજા આપવામાં આવતી ન હતી, અરજદાર ફરજ ઉપર ગેર હાજર રહયે થી સંસ્થા ધ્વારા અરજદાર નો પગાર કાપવામાં આવતો ન હતો, અરજદાર ધ્વારા સંસ્થામાં આશરે ૧૫ થી ૨૦ વર્ષ સુધી કામગીરી કરવામાં આવેલ છે, અરજદાર સંસ્થા માંથી છુટા થયા બદલ સંસ્થા ધ્વારા અરજદાર ને વળતર કે છંટણી વળતર આપવામાં આવેલ નથી.

સામાવાળા એ હકીકત <u>નકારેલ</u> છે કે, તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ સંસ્થા ધ્વારા અરજદારને મૌખિક હુકમ થી નોકરી માંથી છુટા કરેલ છે.

સામાવાળા એ હકીકત <u>જાણતા નથી</u> કે, તા. ૧૬/૦૯/૧૯૮૫ ના રોજ અરજદાર ની સંસ્થામાં નિમણુંક કરાવામાં આવેલ છે.

(૭.૨.૨) સંસ્થા વતી–બિમલ ભુપેન્દ્રકુમાર સ્વામી ધ્વારા આંક–૪૦ થી સંસ્થા તરફે રજુ માંગણા નિવેદનના જવાબ ના સમર્થનમાં સોગંદ ઉપર પુરાવાનું

સોગંદનામું રજુ કરેલ છે. પુરાવાના સોગંદનામા માં જણાવેલી તમામ હકિકતો, આંક–૧૫ થી રજુ માંગણા નિવેદન ના જવાબમાં જણાવેલી હકિકતો થી સંલગ્ન હોય અને જવાબ ની હકિકતો સંક્ષીપ્તમાં ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ હોય તેથી, હકિકતો નો પુન: વર્તન ટાળવાના હેતુથી પુરાવાના સોગંદનામા ની હકિકતો ની ફરીથી વિસ્તૃત ચર્ચા કરવામાં આવતી નથી.

અરજદાર ના પ્રતિનિધી શ્રી ધ્વારા સામાવાળા ની સોગંદ ઉપર ઉલટ તપાસ લેતા સામાવાળા ધ્વારા એ હકિકતો કબુલ કરવામાં આવેલ છે કે, તેઓ ૧૫ વર્ષ થી સંસ્થાના ટ્રસ્ટી છે, અરજદાર ટ્રસ્ટમાં કામ કરતા હતા, અરજદાર ટ્રસ્ટમાં નિયત પોસ્ટ પર ન હતા પરંતુ માત્ર પરચુરણ કામગીરી કરતા હતા, અજરદાર નોકરી પર આવતા અને જતા હાજરી પત્રકમાં સહી કરતા હતા અને ત્યારબાદ તેઓએ જવાબ બદલીને જણાવેલુ કે તે હકિકત બાબતે તેઓને ખબર નથી, તેઓ દોઢ મહિને ઈન્સપેકશન માટે સંસ્થામાં એક જ વખત જતા હોય છે તેથી કામદાર નું સંસ્થામાં આવવાનુ અને જવાના સમય થી ખબર નથી, અરજદાર નોકરી પર અનિયમીત હોવા બાબતે ટ્રસ્ટ કે પછી તેઓ ધ્વારા અરજદાર ને નોટીસ આપવામાં આવેલ નથી, અરજદાર સંસ્થામાં નોકરી સાથે અન્ય જગ્યાએ પણ નોકરી કરતા હોવા બાબતે પુરાવા રજુ કરેલ નથી, ટ્રસ્ટમાં ખાલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવાની હોય છે અને ઉમેદવારો પાસેથી અરજી મેળવી નિમણુંક અંગેનો હુકમ કરવાનો હોય છે, તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન અરજદાર ધ્વારા સંસ્થામાં કામગીરી કરવામાં આવેલ છે અને સ્વૈચ્છાએ જણાવેલ કે કોરોના મહામારી દરમ્યાન ૬ માસ માટે સંસ્થા બંધ હતી ત્યારે અરજદાર ધ્વારા કામગીરી કરવામાં આવેલ નથી, કોરોના મહામારીનો સમય બાદ કરતા અરજદાર ધ્વારા સંસ્થામાં

આશરે ૩૦ થી ૩૨ વર્ષની કામગીરી કરવામાં આવેલ છે, સંસ્થા ધ્વારા અરજદાર ને છુટા કરતા પહેલા નોટીસ કે પછી છંટણી વળતર આપવામાં આવેલ નથી, અરજદાર ધ્વારા કરવામાં આવેલી કામગીરી બદલ સંસ્થાએ અરજદાર ને પગાર ચુકવી આપેલ છે, અરજદાર નો માસિક પગાર રૂ. ૮,૦૦૦/- હતો, અરજદાર જે કામગીરી કરતા હતા તે કામગીરી અન્ય વ્યકિત ધ્વારા કરવામાં આવે છે અને સ્વૈચ્છાએ જણાવેલ કે અરજદારના સગા ભાઈ તે કામગીરી કરે છે, અરજદાર ને સંસ્થા ધ્વારા કયારેય પણ નોટીસ આપવામાં આવેલ નથી.

સામાવાળા એ હકીકત જાણતા નથી કે, અરજદાર ને ટ્રસ્ટમાં નોકરી પર ઠરાવ કે હુકમ ના આધારે રાખવામાં આવેલ હતા, અરજદાર ને નિમણુંક કરવાનો હુકમ કરી સંસ્થા ધ્વારા નિમણુંક આપવામાં આવેલ છે.

## (૮) દલીલો :-

### (૮.૧) બીજા પક્ષકારની દલીલો :-

અરજદારના પ્રતિનિધી શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, સંસ્થા તરફે ઉલટ તપાસમાં કબુલ કરવામાં આવેલી હકિકતો થી અરજદાર ધ્વારા સંસ્થામાં તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન નોકરી કરેલ હોવાનું પુરવાર કરવામાં અરજદાર પક્ષ સફળ થયેલ છે. અરજદાર જાતે નોકરી પર જવાનું બંધ કરેલ હોવાની હકિકત સામાવાળા લેશમાત્ર પુરવાર કરી શકેલ નથી. અરજદાર ધ્વારા નોકરી દરમ્યાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરેલ હોવા છતાં સંસ્થાએ અરજદાર ને નોટીસ અથવા નોટીસ વળતર આપ્યા વગર મૌખિક હુકમ થી છુટા કરેલ હોવાના કારણે તે કૃત્ય ગેરકાયદેસર છે. તેથી અરજદાર

તરફે રેફરન્સની હકિકતો પુરવાર થયેલી કહેવાય અને તે પ્રમાણે રેફરન્સ મંજુર કરવા અરજ કરેલ છે.

**(૮.૨) પ્રથમ પક્ષકારની દલીલો :–**

સામાવાળા ના વિ. વ. શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, સંસ્થા ધાર્મિક પ્રવૃતિ કરતી હોવાથી અને ધર્મશાળા હોવાના કારણે, સંસ્થા ઈન્ડસ્ટ્રી ની વ્યાખ્યામાં આવતી નથી અને તેથી સદર તકરાર ને ઔધોગિક તકરાર અધિનિયમ લાગુ પડતો નથી તેમજ રેફરેન્સ પણ ટકવાપાત્ર નથી. અરજદાર સંસ્થામાં સંસ્થાના કામદાર તરીકે નોકરી ન કરતા હતા પરંતુ તેઓ માત્ર પરચુરણ કામગીરી કરતા હતા અને તે રીતે તેઓ સંસ્થાના કામદાર કહી શકાય નહી. અરજદાર ધ્વારા સંસ્થામાં નોકરી દરમ્યાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાનું પણ લેશમાત્ર પુરવાર કરવામાં આવેલ નથી. હકિકત માં સંસ્થાએ અરજદાર ને છુટા કરેલા નથી પરંતુ અરજદારે જાતે કામ પર આવવાનું બંધ કરેલુ છે. તેથી અરજદાર માંગ્યા મુજબની એક પણ દાદ મેળવવા હકદાર નથી અને રેફરેન્સ ના મંજુર કરવા અરજ કરેલ છે.

**(૯) મુદદા :–**

રેફરેન્સ થી કોર્ટને સુપ્રત કરવામાં આવેલી અનુસુચી અને રેકર્ડ પર આવેલી હકીકતોના આધારે, રેફરન્સના ન્યાયી નીર્ણય હેતુ કોર્ટ ધ્વારા નીચે મુજબના મુદદા ફ્રેમ કરવામાં આવેલ છે –

(૯.૧) શું અરજદાર પુરવાર કરે છે કે, ક. ૨(s), ઔધોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈ મુજબ અરજદાર "કામદાર" ની વ્યાખ્યા માં આવે છે અને અરજદાર અને સામાવાળા વચ્ચે "નોકર" અને "માલીક" નો સંબંધ છે ?

(૯.૨) શું અરજદાર પુરવાર કરે છે કે, ક. ૨૫B, ઔધોગીક તકરાર અધિનિયમ મુજબ તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન અરજદારની સળંગ

નોકરી એટલે કે નોકરીના પ્રત્યેક વર્ષમાં અરજદાર દ્વારા ૨૪૦ દિવસની કામગીરી કરવામાં આવેલ છે ?

**(૯.૩)** શું અરજદાર પુરવાર કરે છે કે, ક. ૨૫B મુજબ અરજદારની નોકરી સળંગ હોવા છતાં, સંસ્થા દ્વારા ક. ૨૫F નું પાલન કર્યા વગર અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોવાના કારણે, સંસ્થાએ અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે?

**(૯.૪)** શું સામાવાળા પુરવાર કરે છે કે, ક. ૨(j), ઔદ્યોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈ મુજબ, સામાવાળા "ઈન્ડસ્ટ્રી" ની વ્યાખ્યામાં આવતા જ નથી ?

**(૯.૫)** શું સામાવાળા પુરવાર કરે છે કે, તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ સંસ્થા દ્વારા અરજદારને છુટા કરવામાં આવેલ જ નથી પરંતુ અરજદાર જાતે કામ પર આવવાનું બંધ કરેલ છે ?

**(૯.૬)** શું અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

**(૯.૭)** શું હુકમ ?

**(૧૦) નીર્ણય :–**

ઉપરોકત મુદદાના નીર્ણય નીચે મુજબ છે –

**(૧૦.૧)** મુદ્દા નં. ૯.૧ – હકારમાં.

**(૧૦.૨)** મુદ્દા નં. ૯.૨ – નકારમાં.

**(૧૦.૩)** મુદ્દા નં. ૯.૩ – નકારમાં.

**(૧૦.૪)** મુદ્દા નં. ૯.૪ – નકારમાં.

**(૧૦.૫)** મુદ્દા નં. ૯.૫ – નકારમાં.

**(૧૦.૬)** મુદ્દા નં. ૯.૬ – અંશત: હકારમાં.

**(૧૦.૭)** મુદ્દા નં. ૯.૭ – આખરી હુકમ મુજબ.

**(૧૧) પુરાવાનું મુલ્યાંકન અને ટુંકસાર :–**

**(૧૧.૧) મુદા નં. ૯.૪ અને ૯.૧ એક બીજાથી સંકળાયેલ હોય, તેથી તે બન્ને મુદદાની એક સાથે ચર્ચા કરવામાં આવે છે –**

સદર મુદદાઓ અનવ્યે (૧) સામાવાળાએ એ હકીકત પુરવાર કરવાની છે કે ક. ૨(j), ઔધ્ોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈ મુજબ સામાવાળા "ઈન્ડસ્ટ્રી" ની વ્યાખ્યામાં આવતા જ નથી અને (૨) અરજદારે એ હકીકત પુરવાર કરવાની છે કે ક. ૨(s), ઔધ્ોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈ મુજબ અરજદાર "કામદાર" ની વ્યાખ્યા માં આવે છે અને અરજદાર અને સામાવાળા વચ્ચે "નોકર" અને "માલીક" નો સંબંધ છે.

સામાવાળા ધ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, સંસ્થા ''ઈન્ડસ્ટ્રી'' ની વ્યાખ્યામાં આવતી ના હોવાના કારણે, સદર રેફરેન્સ ટકવાપાત્ર નથી. પરંતુ, સદર હકીકતના સમર્થનમાં સંસ્થા ધ્વારા પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

સંસ્થા ''ઈનડસ્ટ્રી'' ની વ્યાખ્યામાં આવે છે કે કેમ, તે મુદદા અનવ્યે નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા **Bangalore Water Supply and Sewerage Board vs. A. Rajappa, *AIR 1978 SUPREME COURT 548*** ના ચુકાદા પર આધાર અને તેને વંચાણે લેવાનું યોગ્ય જરૂરી જણાય છે. સદર ચુકાદામાં, નામ. અદાલત ધ્વારા ''ઈન્ડસ્ટ્રી'' ની વ્યાખ્યાનું અર્થઘટન કરવા માટે, ''ટ્રીપલ ટેસ્ટ'' નું સીધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ હતુ. ટેસ્ટ મુજબ, દરેક સંજોગોમાં નીચે જણાવેલા ૩ (ત્રણ) સવાલોના ના આધારે એક સંસ્થા ''ઈનડસ્ટ્રી'' ની વ્યાખ્યામાં આવે છે કે નહિં તેના નીષ્કશ પર આવી શકાય. નામ. અદાલત ધ્વારા ટેસ્ટ અનવ્યે પ્રસ્થાપીત કરવામાં આવેલા ત્રણ સવાલો એ મુજબ છે કે –

1. Is the activity of the establishment organized?
2. Is the activity conducted with the help of the employees?
3. Is the activity of the establishment conducted with the intention of producing goods and services and are not spiritual or religious in nature?

સંસ્થા ધ્વારા સદર સવાલોના જવાબમાં કોઈ પુરાવા રજુ કરેલ ના હોય કે કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ ના હોય, તેથી કોર્ટ એ તારણ પર આવે છે કે, સંસ્થા તે ટેસ્ટ અનવ્યે તેમનો બચાવ કરેલ નથી અને કરવા પણ માંગતી નથી. પક્ષકારો ધ્વારા ઉલટ તપાસમાં કબુલ કરવામાં આવેલી હકીકતોથી તે સ્પષ્ટ છે કે, સંસ્થા ધ્વારા જાહેરાત બહાર પાડીને લોકોને નીમણું ક આપવામાં આવે છે અને સીલીકટ થયેલ ઉમેદવારો અનવ્યે ઠરાવ બુકમાં ઠરાવ કર્યા બાદ તેઓને નીમણુંક આપવામાં આવે છે. સદર હકીકતો થી તે સ્પષ્ટ થાય છે કે સંસ્થા ઓરગ્નાઈઝડ એસ્ટાબ્લીશ્મેન્ટ છે અને કામદારો ધ્વારા કરવામાં આવતી કામગીરી થી તે સંસ્થાનું સંચાલન થાય છે. વધુમાં, ધર્મશાળા છે, એટલે કે તે લોકોને રોકાણ માટેની સુવીધા આપે છે, જે એક પ્રકારની સર્વીસ છે. સંસ્થા એક ધર્મશાળા છે અને સંસ્થા તરફે રેકર્ડ પર એવો કોઈ હકીકત લાવવામાં આવેલ નથી કે જેના આધારે ધર્મશાળા ધ્વારા લોકોને ની: શુલ્ક રોકાણ આપવામાં આવતું હોય કે પછી ધર્મશાળા ધાર્મીક હેતુ થી ખોલવામાં આવેલ હોય. ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા ના આધારે, કોર્ટને ટેસ્ટ હેઠળના તમામ સવાલાનો જવાબ ''હકાર'' માં હોવાનું જણાય છે.

તે ઉપરાંત, ક. ૨(j), ઈનડસ્ટ્રીયલ ડીસપ્યુટ એકટ માં જણાવામાં આવેલ ''ઈન્ડસ્ટ્રી'' ની વ્યાખ્યાને વંચાણે લેતાં, એ સ્પષ્ટ છે કે વ્યાખ્યામાં કુલ ૯ અપવાદ આપવામાં આવેલ છે. પરંતુ, સંસ્થા ને તે ૯ અપવાદ પૈકી એક પણ અપવાદનો લાભ મળવાપાત્ર હોવાનું કોર્ટનું જણાતું નથી.

બેંગ્લોર વોટર સ્પલાય ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ ટ્રીપલ ટેસ્ટ અને ક. ૨(j) માં જણાવેલા અપવાદો અન્વયે ઉપરોકત કરવામાં આવેલ વિશ્લેષણ ના આધારે કોર્ટનું માનવું છે કે, ક. ૨(j), ઈનડસ્ટ્રીયલ ડીસપ્યુટ એકટ હેઠળ સંસ્થાનું ''ઈન્ડસ્ટ્રી'' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. ઉપરોકત ચર્ચા ના અંતે, કોર્ટ એવા તારણ પર આવે છે કે, સામાવાળા ક. ૨(j), ઔદ્યોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ માં આપવામાં આવેલ "ઈન્ડસ્ટ્રી" ની વ્યાખ્યામાં આવતા ના હોવાનું પુરવાર કરવામાં સામાવાળા અસફળ થયેલ છે.

અરજદાર ધ્વારા તેમના માંગણા નીવેદન અને સરતપાસમાં જણાવ્યા મુજબ, સંસ્થા ધ્વારા ઠરાવ પસાર કરીને અરજદારની ''મેનેજર'' તરીકે નીમમણુંક કરેલ છે. પરંતુ, તે હકીકતના સમર્થનમાં અરજદાર ધ્વારા પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સંસ્થા તરફે રજુ જવાબ અને સરતપાસમાં અરજદાર સંસ્થાના કર્મચારી હોવાનું સ્પષ્ટપણે નકારવામાં આવેલ નથી. સંસ્થા તરફે, માર્ક–૧૬/૨ થી દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે અને તે વંચાણે લેતાં, તે સ્પષ્ટ થાય છે કે, એપ્રીલ, ૨૦૧૮ થી માર્ચ, ૨૦૨૦ સુધી સંસ્થા ધ્વારા અરજદારને ''સફાઈ કામદાર'' તરીકે પગાર પણ ચુકવેલ છે. સંસ્થા તરફે આંક–૨૯ અને ૪૦ થી ટ્રસ્ટીઓ ના રજુ સરતપાસ લગત ટ્રસ્ટીઓ ધ્વારા કબુલ કરવામાં આવેલી હકીકતોથી તે હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે કે, અરજદાર ધ્વારા તા. ૧૬/૦૯/૧૯૮૫ થી મેનેજર તરીકે ની નહિં પરંતુ પરચુરણ કામગરી કરતા હતા.

અરદજાર ધ્વારા ટ્રસ્ટીની ઉલટતપાસથી રેકર્ડ પર લાવવામાં આવેલ કબુલાતના આધરે અને સંસ્થા તરફે માર્ક–૧૬/૧ થી રજુ દસ્તાવેજના આધારે કોર્ટનું માનવું છે કે, અરજદાર સંસ્થામાં ''સફાઈ કામદાર'' તરીકે કામ કરતા હોવાનું રેર્કડ પર સ્પષ્ટપણે આવેલ છે. ''સફાઈ કામદાર'' ની પોસ્ટ, ક. ૨(s), ઔદ્યોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈ માં ઉલ્લેખ

કરવામાં આવેલ ૪ (ચાર) અપવાદો પૈકી એક પણ અપવાદમાં આવતા હોવાનું કોર્ટને જણાતુ નથી.

ઉપરોકત ચર્ચાના આધારે, તા. ૧૬/૦૯/૧૯૮૫ થી માર્ચ, ૨૦૨૦ દરમયાન અરજદારે સંસ્થામાં ''સફાઈ કામદાર'' તરીકે નોકરી કરેલ હોવાની હકીકત સ્પષ્ટ પુરવાર થતી હોય અને ક. ૨(s) માં ઉલ્લેખ કરવામાં આવેલ ૪ (ચાર) અપવાદો પૈકી એક પણ અપવાદમાં અરજદાર આવતા પણ ના હોય, તેથી અરજદાર ''કામદાર'' ની વ્યાખ્યામાં આવતા હોવાનું પુરવાર થાય છે. વધુમાં, અરજદારે તા. ૧૬/૦૯/૧૯૮૫ થી માર્ચ, ૨૦૨૦ દરમ્યાન કામગરી કરેલ હોવાનું સંસ્થાના ટ્રસ્ટીઓ ધ્વારા ખુદ કબુલ કરવામાં આવેલ હોય, તેથી સંસ્થા અને અરજદાર વચ્ચે ''માલીક'' અને ''નોકર'' નો સંબંધ પણ પુરવાર થાય છે. ઉપરોકત ચર્ચા ના અંતે, કોર્ટ એવા તારણ પર આવે છે કે, અરજદાર ''કામદાર'' ની વ્યાખ્યામાં આવતા હોવાનું તથા અરજદાર અને સામાવાળા વચ્ચે ''નોકર અને માલીક'' નો સંબંધ હોવાનું પુરવાર કરવામાં અરજદાર અસફળ થયેલ છે.

ઉપરોકત કરવામાં આવેલી તમામ ચર્ચાના આધારે, મુદા નં. ૯.૪ ''નકાર'' માં અને મુદ્દા નં. ૯.૧ ''હકાર'' માં ઠરાવવામાં આવે છે.

**(૧૧.૨) મુદા નં. ૯.૨ અને ૯.૩ એક બીજાથી સંકળાયેલ હોય, તેથી તે બન્ને મુદદાની એક સાથે ચર્ચા કરવામાં આવે છે –**

સદર મુદદાઓ અનવ્યે અરજદારે એ હકીકત પુરવાર કરવાની છે કે, (૧) ક. ૨૫B, ઔધોગીક તકરાર અધિનિયમ મુજબ તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન અરજદારની સળંગ નોકરી એટલે કે નોકરીના પ્રત્યેક વર્ષમાં અરજદાર ધ્વારા ૨૪૦ દિવસની કામગીરી કરવામાં આવેલ છે અને (૨) ક. ૨૫B મુજબ અરજદારની નોકરી સળંગ હોવા છતાં, સંસ્થા ધ્વારા

ક. ૨૫F નું પાલન કર્યા વગર અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોવાના કારણે સંસ્થાએ અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે.

અરજદાર તરફે તેમના પ્રતીનીધી શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, અરજદારે પ્રત્યેક વર્ષમાં કુલ–૨૪૦ દિવસોની નોકરી કરેલી હોય, તેથી તેઓ ધ્વારા કરવામાં આવેલી નોકરી, સળંગ નોકરી તરીકે ગણવા પાત્ર છે. વધુમાં, સળંગ નોકરી ધરાવતા કામદારને નોકરીમાંથી કાઢતા પહેલા, સંસ્થાએ ક. ૨૫F, ઔધોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું હોય છે, જે સંસ્થા ધ્વારા કરવામાં આવેલ નથી અને તેથી સંસ્થા ધ્વારા મૌખિક હુકમ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ અરજદારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર છે.

માંગણા નિવેદન અને સરતપાસ માં જણાવ્યા મુજબ અરજદારે નોકરી દરમ્યાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલી છે. પરંતુ સદર હકિકતના સમર્થનમાં અરજદાર ધ્વારા પુરાવા રજુ કરવામાં આવેલ નથી. સંસ્થાના આંક–૨૩ અને આંક–૪૦ વાળા સાહેદો ની અરજદાર ધ્વારા ઉલટ તપાસમાં પણ અરજદાર ધ્વારા સંસ્થામાં નોકરીના પ્રત્યેક વર્ષ દરમ્યાન સંસ્થામાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવા બાબતે સંસ્થાના સાહેદોની ઉલટ તપાસ કરેલ નથી અને તેથી કોર્ટનું માનવુ છે કે અરજદાર તરફે નોકરી દરમ્યાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાના સમર્થનમાં તટસ્થ પુરાવા કે સંસ્થાની કબુલાત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે ઉપરાં ત સંસ્થાના આંક–૨૩ અને આંક–૪૦ વાળા સાહેદો ધ્વારા કબુલ કરવામાં આવેલી હકિકતો મુજબ તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન અરજદાર ધ્વારા સંસ્થામાં કામગીરી કરવામાં આવેલ છે. સંસ્થાના સાહેદની સદર કબુલાત થી માત્ર તે હકિકત પુરવાર થાય છે કે અરજદાર ધ્વારા તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન સંસ્થામાં નોકરી કરેલ છે. તેથી કોર્ટનું માનવુ છે કે, અરજદાર ધ્વારા સંસ્થામાં

તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાનું પુરવાર કરવામાં અસફળ થયેલ છે.

અરજદાર ધ્વારા જણાવ્યા મુજબ અરજદારે નોકરીના પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાથી ક. ૨૫F મુજબ અરજદાર ને નોકરીના માંથી છુટા કરતા પહેલા સંસ્થા અરજદાર ને નોટીસ અથવા નોટીસ વળતર વિગેરે આપવા બંધાયેલ હતી. પરંતુ તે આપ્યા વગર સંસ્થાએ અરજદાર ને તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ મૌખિક હુકમ થી છુટા કરેલ હોવાથી અરજદારને સંસ્થા ધ્વારા મૌખિક હુકમ થી છુટા કર્યાનું કૃત્ય ગેરકાયદેસર છે. સંસ્થા ધ્વારા જણાવ્યા મુજબ સંસ્થાએ અરજદારને છુટા કરેલ નથી પરંતુ અરજદાર જાતે કામ પર આવવાનું બંધ કરી દિધેલ છે.

સંસ્થા ધ્વારા અજરદાર ને મૌખિક હુકમ થી છુટા કરેલ હોવાના સમર્થનમાં અરજદાર તરફે દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમજ અરજદાર ધ્વારા સંસ્થાના આંક–૨૩ અને આંક–૪૦ વાળા સાહેદોની ઉલટ તપાસ થી પણ સંસ્થાએ અરજદારને મૌખિક હુકમ થી છુટા કરેલ હોવાની હકિકત રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી. તેથી કોર્ટનું માનવુ છે કે સંસ્થાએ અરજદારને મૌખિક હુકમ થી છુટા કરેલ હોવાની હકિકત અરજદાર પુરવાર કરવામાં અસફળ થયેલ છે. તેમ છતાં તેવુ માની પણ લેવામાં આવે કે સંસ્થાએ અરજદાર ને તા. ૧૭/૧૧/૨૦૨૧ ના છુટા કરેલ છે, તેવા સંજોગોમાં પણ તે કૃત્ય કોર્ટને ગેરકાયદેસર હોવાનું જણાતુ નથી કારણ કે નોકરી દરમ્યાન ના પ્રત્યેક વર્ષમાં અરજદાર ધ્વારા ૨૪૦ દિવસ ની કામગીરી કરેલ હોવાની હકિકત અરજદાર તરફે પુરવાર થયેલ નથી. તે મુજબ કોર્ટનું માનવુ છે કે, સંસ્થા ધ્વારા ક. ૨૫F નું પાલન કર્યા વગર અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોવાના કારણે સંસ્થાએ અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું અરજદાર પુરવાર કરવામાં અસફળ થયેલ છે.

ઉપરોકત ચર્ચાના આધારે, મુદદા નં. ૯.૨ અને ૯.૩ ''નકાર'' માં ઠરાવવામાં આવે છે.

**(૧૧.૩) મુદા નં. ૯.૫ અનવ્યે કોર્ટનું માનવું છે કે –**

સદર મુદદાઓ અનવ્યે સામાવાળાએ એ હકીકત પુરવાર કરવાની છે કે, તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ સંસ્થા દ્વારા અરજદારને છુટા કરવામાં આવેલ જ નથી પરંતુ અરજદાર જાતે કામ પર આવવાનું બંધ કરવામાં આવેલ છે.

સામાવાળા દ્વારા જવાબ માં અને આંક–૨૩ તથા આંક–૪૦ વાળા સરતપાસના પુરાવામાં જણાવ્યા મુજબ સંસ્થાએ અરજદાર ને મૌખિક હુકમ થી છુટા કરેલ નથી. પરંતુ અરજદારને અન્ય જગ્યાએ નોકરી મળતા અરજદારે જાતે કામ પર આવવાનું બંધ કરેલ છે. સદર હકિકત ના સમર્થનમાં સામાવાળા તરફે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી અને તટસ્થ પુરાવા પણ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર દ્વારા સંસ્થાના સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરવામાં આવેલી હકિકતો મુજબ અરજદાર સંસ્થામાં નોકરી પર ન આવતા સંસ્થા દ્વારા અરજદાર ને નોકરી પર પરત બોલાવવા કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી. પરંતુ ટેલીફોનિક વાત કરેલી હતી. સંસ્થાએ અરજદાર સાથે ટેલીફોનિક વાત કરેલ હોવા બાબતે સંસ્થા તરફે પુરાવા રજુ કરવામાં આવેલ ના હોય. તેથી કોર્ટનું માનવુ છે કે તે હકિકત પણ સંસ્થા પુરવાર કરી શકેલ નથી.

ઉપરોકત ચર્ચાના આધારે, મુદદા નં. ૯.૫ ''નકાર'' માં ઠરાવવામાં આવે છે.

**(૧૧.૪) મુદા નં. ૯.૬ અનવ્યે કોર્ટનું માનવું છે કે –**

ઉપરોકત કરવામાં આવેલી ચર્ચા થી તે હકિકત સ્પષ્ટ થાય છે કે, અરજદાર દ્વારા સંસ્થામાં તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ સુધી નોકરી કરેલ હોવાનું પુરવાર કરવામાં

અરજદાર સફળ થયેલ છે અને તે હકિકત સામાવાળા પક્ષ ધ્વારા પણ કબુલ કરવામાં આવેલ છે. સંસ્થાની ઉલટ તપાસ થી રેકર્ડ પર આવેલી હકિકત મુજબ સંસ્થા ધ્વારા અરજદાર ને પગાર ચુકવવામાં આવતો ન હતો પરંતુ તેમના ભાઈને ચુકવવામાં આવતુ હતું. પરંતુ સંસ્થા તરફે માર્ક ૧૬/૨ થી રજુ દસ્તાવેજ થી તે હકિકત સપષ્ટ થાય છે કે સંસ્થા ધ્વારા અરજદાર ને જ સફાઈ કામદાર તરીકે નિયમિત પણે પગાર ચુકવી આપવામા આવેલ છે. સદર હકિકતો થી કોર્ટનુ માનવુ છે કે અરજદાર તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ દરમ્યાન સંસ્થામાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતા હોવાનું અને તે બદલ સંસ્થા અરજદાર ને પગાર ચુકવી આપતા હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે.

ઉપરોકત કરવામાં આવેલી ચર્ચા મુજબ તા. ૧૬/૦૯/૧૯૮૫ થી તા. ૧૭/૧૧/૨૦૨૧ ની નોકરીના સમયગાળા દરમ્યાન અરજદાર ધ્વારા પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલ હોવાનું પુરવાર કરવામાં અરજદાર પક્ષ અસફળ થયેલ છે. તેમજ અરજદાર જાતે નોકરી પર આવવાનું બંધ કરેલ હોવાની હકિકત સામાવાળા પુરવાર કરવામાં અસફળ થયેલ છે. કોર્ટનું માનવુ છે કે, અરજદાર ધ્વારા સંસ્થામાં સને-૧૯૮૫ થી સને-૨૦૨૧ સુધી એટલે કે આશરે ૩૫ વર્ષ જેટલી નોકરી કર્યા બાદ પણ જે રીતે સંસ્થામાં તેઓની નોકરીનો અંત આવેલ છે તેને ધ્યાને લેતા કોર્ટનું માનવું છે કે, અરજદાર સાથે અન્યાય થયેલું છે.

અરજદાર ધ્વારા જે દાદ માંગવામાં આવેલી છે, તે દાદ મેળવવા તેઓ ત્યારે જ હકકદાર થાય છે જયારે તેઓ તરફે ક. ૨૫B અને ક. ૨૫F નું ભંગ થયેલ હોવાનું પુરવાર કરવામાં આવેલ હોય અને તે જોગવાઈનો ભંગ થયેલ હોવાનું અરજદાર પક્ષ પુરવાર કરી શકેલ ના હોય તેથી કોર્ટના માનવા મુજબ અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું કોર્ટને જણાતુ નથી. પરંતુ અરજદાર સાથે જે અન્યાય થયેલ છે તે બદલ તેઓને વળતર ચુકવી આપ્યેથી

તેઓને ન્યાય મળી રહેશે અને ન્યાય નો હેતુ પણ જળવાઈ રહેશે તેવુ કોર્ટનું માનવું છે.

ઉપરોકત ચર્ચાના આધારે મુદદા નં. ૯.૬ ''અંશત: હકાર'' માં અને મુદદા નં. ૯.૭ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે –

**– :: હુકમ ::–**

(૧) રેફરેન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી વળતર પેટે રૂ. ૨,૦૦,૦૦૦/– મેળવવા હકકદાર છે. એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ ની અંદર અરજદારે સંસ્થાને તેમના બેંક ખાતાની વિગતો આપવાની રહેશે અને સંસ્થાને તે વિગત મળ્યેથી દિન–૩૦ ની અંદર અરજદારના ખાતામાં વળતરની રકમ જમા કરાવવાની રહેશે.

(૩) ખર્ચ અંગે હુકમ કરવામાં આવતો નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દવારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ–૩૨ ની જોગવાઈ મુજબ સબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધી થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસાર કાર્યવાહી કરવી.

**તા. : ૦૫/૦૫/૨૦૨૬**
**મુ.પાલનપુર**

**(ગર્વિત સુધીરસિંહ પવાર)**
**પ્રમુખ અધીકારી અને ન્યાયાધીશ,**
**શ્રમ અદાલત, પાલનપુર.**
**યુ.આઈ.સી.–જીજે૦૧૬૩૭**